# લ્યો બોલો..! શામળાજી પોલીસ સ્ટેશનમાંથી દારૂ ચોરાયો

## આબરૂના ધજાગરા ઉડાડતી ઘટનાથી હડકંપ : પોલીસે જપ્ત કરેલો ૭.૭૫ લાખનો વિદેશી દારૂ કન્ટેનરમાંથી લૂંટી ચોર પલાયન : પોલીસ ચોકી સલામત ન હોય તો જિલ્લાનું તો વિચારવું રહ્યું

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રને લપડાક આપતી ઘટનાથી ચકચાર મચી છે. શામળાજી પોલીસે બુટલેગરો પાસેથી જપ્ત કરેલા વિદેશી દારૂના




જથ્થાને ચોરો તેમના ખિસ્સામાં હાથ નાખી પોલીસ સ્ટેશનની હદમાં રહેલ કન્ટેનરમાંથી ૭ લાખથી વધુનો વિદેશી દારૂની લૂંટ ચલાવી કળા કરી જતા શામળાજી પોલીસતંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ શંકાના દાયરામાં આવી ગયા છે. ૧૩૦ પેટી વિદેશી દારૂની ચોરી પોલીસની નજર સામે લૂંટાય અને પોલીસ જ અંધારામાં રહે તેનાથી પોલીસતંત્ર માટે શરમજનક ઘટના કઈ હોઈ શકે. શામળાજી પોલીસનું નાક વાઢી લીધું હોય તેવો ઘાટ સર્જાયો છે. અગાઉ પણ શામળાજી પોલીસ જપ્ત કરેલ વિદેશી દારૂનો જથ્થો સગેવગે કરવામાં આવતો હોવાની અનેક ચર્ચાઓ ઉઠી હતી અને શામળાજી પોલીસ સ્ટેશનમાંથી વિદેશી દારૂની ચોરીની ઘટના પણ ઘટી હતી અને તેના પર પડદો ઢોકી દેવામાં આવ્યો હોય તે અંગે પોલીસ સૂત્રોમાં ચકચાર મચી હતી. નવા એસ.પી મયુર પાટીલ ચાર્જે સાંભળતા જ વિદેશી દારૂની લૂંટની ઘટના સામે આવતા




અને અજાણ્યા ઈસમો સામે શામળાજી પોલીસમાં ગુન્હો નોંધાતા ચકચાર મચી હતી. જીલ્લા પોલીસ વડા મયુર પાટીલ દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવે તો વિદેશી દારૂની તસ્કરીનું મોટું કૌભાંડ સામે આવે તો નવાઈ નહિ.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા જેના માથે જવાબદારી છે તેની જ સલામતી જોખમાઈ છે. પોલીસીનું નામ સાંભળતા ભલભલા




બની બેઠેલા ડોન, ચોર, લૂંટારુઓ અને ગુનેગારોના પગ થરથરતા હોય છે. બીજી બાજુ પોલીસતંત્ર જ ચોરોથી થર થરી જાય તેમ પોલીસના નાક નીચેથી વિદેશી દારૂની લૂંટ ચલાવી નાક કાપી લેતા આબરૂના લીરેલીરા ઉડાડતી ઘટનાથી પોલીસતંત્રને લાંછન લાગ્યું છે. સતત પોલીસતંત્રની હાજરી હોવા છતાં શામળાજી પોલીસ સ્ટેશન નજીક પ્રોહિબિશન એક્ટ હેઠળ જપ્ત કરેલી ટ્રક-કન્ટેનરમાં રાખેલી ૧૩૧ વિદેશ દારૂની પેટી જેમાં ક્વાટર નંગ-૬૨૮૮ કિં. રૂ. ૭૭૫૨૦૦ની લૂંટ ચલાવી ફરાર થઈ જતા હડકંપ મચતાં શામળાજી પોલીસે અજાણ્યા ઈસમો સામે ગુન્હો નોંધી વિદેશી દારૂ અને લૂંટારુઓની ધરપકડ કરવા ફાંફે ચઢ્યા હતા.

શામળાજી પોલીસ સ્ટેશન કબ્જે કરેલ વિદેશી દારૂની લૂંટથી ખાખી વર્દીના આબરૂના ધજાગરા થઈ જતા અને પોલીસ સ્ટેશન જ સુરક્ષિત ન હોય તો પ્રજાજનોની સુરક્ષા કેટલી... શામળાજી પોલીસની હાલત કોઠીમાં મોઢું સંતાડવા જેવી થતા ચકચાર મચી છે.

### શામળાજી પોલીસ હદમાં જપ્ત કરેલા વિદેશી દારૂની લ્હાણી થતી હોવાની ચર્ચા

શામળાજી પોલીસ સ્ટેશન હદમાંથી દરરોજ કરોડો રૂપિયાના વિદેશી દારૂની હેરાફેરી બુટલેગરો કરતા હોવાથી અને શામળાજી પોલીસ મોટા પ્રમાણમાં વિદેશી દારૂ સમયાંતરે ઝડપી પડતા હોય છે. આ વિદેશી દારૂના જથ્થામાંથી વિદેશી દારૂ સગેવગે થતો હોવાની અને વિદેશી દારૂની લ્હાણી કરવામાં આવતી હોવાની ચર્ચાઓ ટોક ઓફ ધી ટાઉન બની છે.

# પ્રાંતિજના રણછોડપુરા પ્રાથમિક શાળાને ફરી તાળાબંધીનું ગ્રહણ મંડાઈ રહ્યું છે

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના હતી. વેકેશન દરમ્યાન અધિકારીઓએ કોઈ જ પ્રકારની પ્રથમ દિવસે જ ગ્રામજનો દ્વારા નબળા શિક્ષણને લઈને તંત્રમાં ધરવામા ના આવતાં વેકેશન બાદ ઉઘડતી શાળાએ તાળાબંધી કરી વાઘેલા, જિલ્લાશિક્ષણાધિકારી આર.એસ. ઉપાધ્યય સહિતના





પ્રાંતિજના ઝીઝવાના પેટા પરૂ રણછોડપુરા ખાતે ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં ગ્રામજનો દ્વારા તેમની માંગણી ના સંતોષાતા ફરી પ્રાથમિક શાળામાં તાળાબંધી કરવાની ચિમકી આપી હતી.

પ્રાંતિજના રણછોડપુરા ખાતે ગ્રામજનો દ્વારા ગામમાં આવેલ પ્રાથમિક શાળામાં નબળા શિક્ષણને લઈને ચારેય શિક્ષિકાઓની બદલીની માંગ કરી હતી જેને લઈને નવુ સત્ર શાળામાં ચાલું થાય તે પહેલાં તાળાબંધીની ચિમકી આપી એક્શન ના લેવાતા શાળા ખુલવાના રજુઆતો બાદ પણ કાર્યવાહી હાથ હતી. તાલુકા શિક્ષણાધિકારી ટી.કે. અધિકારીઓ રણછોડપુરા ખાતે દોડી આવ્યા હતાં. આખરે ગ્રામજનોની ચારેય શિક્ષિકાઓની બદલીની માંગ સામે અધિકારીઓએ ત્રણ શિક્ષિકાઓની બદલી કરવાનું નક્કી કયું હતું. બે શિક્ષિકાઓની બદલી તાત્કાલિક ધોરણે કરવામાં આવી હતી જ્યારે હજુ એક શિક્ષિકાની બદલી ના કરતાં ગ્રામજનો દ્વારા અધિકારીઓ ફુટી ગયાં હોવાનો હાલ તો આક્ષેપ સાથે શાળાને ફરી સોમવારના દિવસે આજે તાળાબંધી કરવાની ચિમકી આપી છે.

### દુરસિંહ કેશરસિંહ ચૌહાણ (ડેપ્યુટી સરપંચ)નું શું કહેવું છે

જેતે સમયે અમે તાળાબંધી કરી હતી અને જિલ્લા સહિત તાલુકાના અધિકારીઓ દ્વારા અમારા ગામમાં આવી અમને ચારેય શિક્ષિકાઓની બદલીની જગ્યાએ ત્રણ શિક્ષિકાઓની બદલી માટે કહેલું અને નિયમો અનુસાર બે શિક્ષિકાઓ વધ પડતાં બદલી કરી હતી જયારે હજુ એક શિક્ષિકાની બદલી ના કરતા કાંઈક રંધાયુ હોય તેમ લાગે છે અને અમે તાલુકા જિલ્લામાં રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી ના થતા ફરી સોમવારના દિવસે અમે શાળામાં તાળાબંધી કરવાના છીએ.

### આર.એસ. ઉપાધ્યાય (જિલ્લા શિક્ષણાધિકારી)નુ શું કહેવું છે

તેવોને આ અંગે ટેલીફોનીક સંપર્ક કરતાં તવોએ જણાવ્યું કે જે તે સમયે તે શિક્ષિકા રજા ઉપર હતાં અને હમણાં જ થોડાંક દિવસ પહેલા હાજર થયા છે જેથી હજુ મારે શિક્ષિકાનો જવાબ સહિતની કાર્યવાહી બાકી છે અને પછી અમે આગળની કાર્યવાહી હાથ ધરીશું.

# પ્રાંતિજ પોસ્ટ ઓફિસમાં પોસ્ટ સહિતની ટીકીટ ના મળતાં ગ્રાહકો પરેશાન

### પોસ્ટ ઓફિસમાં દિવસ દરમ્યાન કેટલાય લોકો ટીકીટો ના મળતા ધક્કા ખાતા જોવા મળે છે : વિજળી બીલ પણ લેવામાં ના આવતા લોકોની મુશ્કેલીઓમાં વધારો

પ્રાંતિજ, તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ પોસ્ટ ઓફિસમાં વિવિધ પ્રકારની આવતી પોસ્ટ ટીકીટ ના મળતા ગ્રાહકોની પરેશાનીમાં વધારો થયો છે. ટીકીટ માટે પોસ્ટ ઓફિસમાં લોકો ધક્કા ખાતા જોવા મળે છે. ટીકીટ ના મળતા વિલા મોઢે પાછા ફરે છે.

પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ તાલુકા કક્ષાની પોસ્ટ ઓફિસમાં છેલ્લા ૧૦ દિવસથી પણ વધારે દિવસોથી પોસ્ટ ઓફીસમાં પોસ્ટ ટીકીટો ના હોવાથી લોકો હાલતો ધરમના ધકકા ખાવાનો વારો આવ્યો છે. પોસ્ટમાં મળતી વિવિધ પ્રકારની પોસ્ટ ટીકીટોમાંથી કોઈપણ ટીકીટ પોસ્ટમા ના મળતી હોવાથી પોસ્ટગ્રાહકો હાલ તો પોસ્ટમાંથી ટીકીટ લીધા વગર પરત ફરે છે. બીજીબાજુ પોસ્ટ ઓફિસમાં લેવામાં આવતું વિજળી બીલ પણ લેવાનું બંધ કરી દેતાં લોકોને વધુ એક મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને રીક્ષામા પૈસા ખર્ચીને છે ક બે કિલો મીટર બીલ ભરવા જવાનો વારો આવ્યો છે. પોસ્ટ ઓફિસ દ્વારા પહેલાં વિજળી બીલ અને હવે પોસ્ટ ટીકીટ પણ ના મળતાં પ્રાંતિજ સહિત તાલુકાનાં ગ્રાહકોને ટીકીટ ના મળતાં મુશ્કેલીઓમાં મુકાયા છે. જવાબદાર તંત્ર દ્વારા તાકીદે નિકાલ આવે તેવું હાલ તો પ્રાંતિજ તથા તાલુકા તથા પંથકના લોકોની માંગ ઉઠવા પામી છે.

# મોડાસા કેમિસ્ટ મિત્ર મંડળની સામાન્ય સભા યોજાઈ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલા મીરા બેન્કવેટ હોલમાં મોડાસા કેમિસ્ટ મિત્ર મંડળની સામાન્ય સભા પ્રમુખ સુરેશભાઈ શાહ અને મંત્રી દિનેશભાઈ સુથારના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ સામાન્ય સભામાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા કેમિસ્ટ એશો.ના પ્રમુખ દિપક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૭-૨૦૧૮નો ઓડિટ રિપોર્ટ રજુ કર્યો હતો અને ગત વર્ષે કરેલ કાર્યક્રમોની રૂપરેખા આપી હતી અને કેમિસ્ટ મિત્રોને ધંધામાં રહેલ મૂંઝવણ અને પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. સામાન્યસભામાં હાજર રહેલા કેમિસ્ટ મિત્રોએ ગત વર્ષના પ્રમુખ, મંત્રી સહીત હોદ્દેદારો પર વિશ્વાસ વ્યક્ત કરી વર્ષ ૨૦૧૮-૧૯ માટે નિમણુંક યથાવત રાખતા તમામ કેમિસ્ટ મિત્રોએ બહાલી આપી હતી.



## સાબરકાંઠાના તબીબોએ સાંસદ દિપસિંહને આવેદનપત્ર આપ્યુ

સાબરકાંઠા જિલ્લાના તબીબોઓએ નેશનલ કમીશન બીલના વિરોધમાં દવાખાના તથા લેબોરેટરીઓ સવારના છ થી સાંજ ના છ વાગ્યાં સુધી બંધ પાડી વિરોધ કરી સાબરકાંઠા-અરવલ્લી સાંસદને આવેદનપત્ર આપ્યું. ગુજરાત સ્ટેટ બ્રાંચ આઈ.એમ.એ.ના પ્રમુખ ડૉ. ભુપેન્દ્રશાહ, મંત્રી ડૉ. કમલેશ સોની, ડૉ. રાજુનાયક સહિતના તબીબીઓ દ્વારા આજે નેશનલ કમીશનના બીલના વિરોધમાં પોતાના દવાખાનાઓમાં તબીબી સેવાઓ તથા લેબોરેટરીઓ સવારના છ થી સાંજના છ વાગ્યાં સુધી બંધ પાડયું હતું. જો કે ઈમર્જન્સી સેવાઓ ચાલુ રાખી હતી જ્યારે કેન્દ્ર સરકારના એનએમસી બિલનો વિરોધ કર્યો હતો. તેવો પ્રાંતિજ માર્કેટયાર્ડ ખાતે આવીને સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડને આવેદનપત્ર આપ્યું હતું અને સરકાર સુધી તેમની માંગણીઓ પહોચાડવા સાંસદને મૌખિક તથા આવેદનપત્ર આપીને રજુઆતો કરી હતી.

# શ્રી શામળાજી વિષ્ણુ મંદિર ટ્રસ્ટીગણની અગત્યની બેઠક યોજાઈ

શામળાજી, તા. ૨૯

શામળાજી અન્નક્ષેત્ર ભવનના હોલમાં શ્રી શામળાજી વિષ્ણુ મંદિરના ટ્રસ્ટીઓની અગત્યની મિટિંગ યોજાયી હતી. જેમાં મંદિરના અત્યાધુનિકરણ અને દર્શનાર્થીઓ માટે વિવિધ સુવિધાઓ અને ભોજનાલય અને ગૌ શાળાના વિકાસ માટે ચર્ચા કરવામાં આવી હતી. રાજભોગ રસોડું હાલ ભાડાની જગ્યામાં ચાલે છે જેના માટે ટીપી સ્કીમમાં ૧૦ નંબર પ્લોટ ફાળવવામાં આવ્યો છે પણ ટીપી સ્કીમ વિવાદિત બનતા અડચણ પેદા થતા સરકાર દ્વારા યોગ્ય નિર્ણય કરી પ્લોટ ફાળવવા સરકારમાં રજુઆત કરવાની ચર્ચા કરવામાં આવી હતી. આ અગત્યની મિટિંગમાં ટ્રસ્ટના ચેરમેન મહેશભાઈ ઉપાધ્યાય (યેવલા બીડીવાળા), જગદીશ ગાંધી, હર્ષદ જોશી, અભયસિંહ રાવ, જીગ્નેશ મહેતા, અશોક પુરાણી અને અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં કનુભાઈ સોની નડિયાદવાળા અને મનોજભાઈ લીંબાસી અને તેમના ગ્રુપ દ્વારા શામળાજી મંદિરના કળશ માટે ૬૦૦ ગ્રામ સોનુ કાળીયા ઠાકોરના ચરણોમાં અર્પણ કર્યું હતું.

## અરવલ્લી જિલ્લામાં ટેકાના ભાવે ચણાની

# ખરીદી કર્યા બાદ પૈસા ન ચૂકવી 'મારા હારા છેતરી ગયા' : ખેડૂત સમાજ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે ચણાની ખરીદી કર્યા બાદ નાણા ચુકવવામાં સરકાર નિષ્ફળ રહી હોવાના પોતાના જ નાંણા ન મળતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા હોવાના અને અરવલ્લીમાં ટોટલ ૧૪૮૦ ખેડૂતોના ટેકાના ભાવે ચણાના પાકની ખરીદી કરવામાં આવી. હતી જેમાં ૧૪૮૦ ખેડૂતો માથી માત્ર ૨૦૦ ખેડૂતોને જ નાણાં ચૂકવાયા હોવાનું અને હજુ ૧૨૮૦ જેટલા ખેડૂતોને નાણાં ચુકવવાના બાકી હોવાનું અરવલ્લી જિલ્લા ખેડૂતસમાજના પ્રમુખ નિકુલ પટેલે જણાવી સરકાર ખેડૂતોને અન્યાય કરતી હોવાનું રોષપૂર્વક જણાવ્યું હતું.

ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે હેતુથી સરકારે ટેકાના ભાવથી ચણાની ખરીદી કરવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારે અરવલ્લી જીલ્લામાં ખેડૂતોએ મહા મહેનતે પકવેલા ચણાનો પાક ટેકાના ભાવે વેચ્યો હતો. જોકે પોષણક્ષમ ભાવ લેવા જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો. કારણકે ટેકાના ભાવે વેચવા માટે ખેડૂતોએ અપાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલના જણાવ્યા મુજબ રાજ્ય સરકારે ટેકાના ભાવેચણાની ખરીદી કરવાની શરુ



કરી હતી, પરંતુ ખરીદી બાદ તેના નાંણા ચુકવવામાં સરકાર નિષ્ફર ગઈ છે, જેને કારણે પોતાનો માલ વેચ્યા બાદ પણ પૈસા ન મળતા ખેડૂતો આર્થીક મુશ્કેલી ભોગવી રહ્યા છે. ત્યારે સરકાર પૈસા ન આપીને રીત સરનું ખેડૂતોનું શોષણ કરી રહી છે.

૧૮ એપ્રિલ ૨૦૧૮ના રોજથી સરકારે અરવલ્લી જીલ્લામાં ચણાની ખરીદી કરવાનું શરુ કર્યું હતું અને ૨૧ જુન સુધી ખરીદી કરી હતી. પ્રતિ એક મણના રૂપિયા ૮૮૦ના ટેકાના ભાવથી ચણાની ખરીદી હાથ ધરવામાં આવી હતી. ૨૧ જુન ૨૦૧૮ સુધીમાં અરવલ્લી જીલ્લામાં કુલ ૨૨,૭,૩૭ ક્વિન્ટલ ચણા ની ખરીદી કરવામાં આવી છે. જે મુજબ સરકારે ખેડૂતોને કુલ ૯,૬૫,૧૨,૨૮૦ રૂપિયા ચૂકવવાના થતાં હતા. અરવલ્લી જિલ્લામાં કુલ ૧૪૮૦ જેટલા ખેડૂતો પાસેથી ચણાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી હતી, પરંતુ હજી સુધી સરકાર માત્ર ૨૦૦ જેટલા ખેડૂતોનેજ નાણાં ચૂકવી શકી છે. હજુ અરવલ્લી જિલ્લામાં ૧૨૮૦ જેટલા ખેડૂતોના નાણાં ચુકવવાના બાકી છે. આમ જોઈએ તો રૂપિયા લગભગ ૮ કરોડથી વધુની રકમ ખેડૂતોને ચુકવવાના બાકી છે. આ પ્રકારે સરકારે ખરીદી તો કરી પરંતુ હવે તેનું ચુકવણું કરવામાં સરકાર વાયદા કરી રહી છે, જેથી ખેડૂતો છેતરાયા હોવાનો અહેસાસ કરી રહ્યા છે. એક તરફ ખેડૂતોને પોતાના જ વેચેલા માલના નાંણા ન મળતા હવે ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. કારણકે સામાજિક પ્રસંગોમાં ખેડૂતો તકલીફ ભોગવી રહ્યા છે. તો વળી, ચોમાસું પણ આવી ગયું છે, ત્યારે ખેડૂતોને ખાતર, દવા તેમજ બિયારણ સહીત પાક ધિરાણ પણ ચૂકવી શકે તેવી સ્થિતિ રહી નથી, આમ પોતાના જ પૈસા પોતાને ન મળતા ખેડૂતો મુઝવણમાં મુકાયા છે.

સરકાર એક તરફ ખેડૂતોના હામી હોવાનો દાવો કરે છે, તો બીજી તરફ સરકાર પોતાના જ વેચેલા માલના પૈસા ચુકવવામાં ઉદાસીન છે, ત્યારે ખેડૂતો આખરે જાય તો જાય ક્યાં ? અને તેથી જ ગુજરાત ખેડૂત સમાજ વતી અરવલ્લી જીલ્લા ખેડૂત સમાજના પ્રમુખ નિકુલ પટેલે સરકાર તેમજ તેમના આળસુ અધિકારીઓને ચેતવણી આપી છે કે તાત્કાલિક સરકાર ખેડૂતોના નાંણાનું ચૂકવણું કરે નહિ તો ખેડૂતોને સાથે રાખીને આ મુદ્દે આંદોલન કરશે, જે પણ થશે તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.